હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ મુખપત્ર

HALAI MUSLIM KHATRI TRUST
A Team with Many Hands Devoted for Education

# ટાઇમ્સ ઓફ ખત્રી
# Times of Khatri
માસિક

હાલાઇ મુસ્લિમ ખત્રી સમાજની સેવાર્થે ● આ માસિક પત્રિકાને રાજદ્વારી બાબતો સાથે કશો જ સંબંધ નથી. ફક્ત સમાજિક સેવાનો ધ્યેય છે.

વર્ષ-૭ અંક-૩ સળંગ અંક-૭૧ માહે-શાબાન હિજરી-૧૪૪૪ માર્ચ-૨૦૨૩

તંત્રી : રફીક અબુબકર છાટબાર For abroad: £ 10 વાર્ષિક લવાજમ રૂા. ૧૨૦/-

## શૈતાન વિશે જાણકારી-બચવાના ઊપાયો

રજૂઆતઃ અ.ગફાર એમ. સોનેજી "નૂરી", દુબઈ

આપણે સૌ જાણીએ છીએ કે ઇન્સાનનો સૌથી મોટો દુશ્મન શૈતાન છે. કોઇ બાળક કે યુવાન ધમપછાડા, તોડફોડ કે ગંદી હરકતો કરતાં જોઇએ છીએ તો તેને 'શૈતાન'નો લકબ ચોંડી દઇએ છીએ. આવો, આજે શૈતાન વિશે થોડી માહિતી જાણીએ.

હદિષનું મફહૂમ છે કે, 'ફરિસ્તાઓને 'નૂર'થી પૈદા ફરમાવવામાં આવ્યા અને જિન્નાતોને પ્રજવલિત આગથી પૈદા કર્યા છે. (મુસ્લિમ શરીફ)' બીજી એક હદિષનું મફહૂમ છે કે, 'બેશક! શૈતાન વ્યક્તિઓની અંદર એવી રીતે ભ્રમણ કરતો હોય છે જેવી રીતે શરીરમાં લોહી વહે છે અને હું ડરૂં છું કે શૈતાન પણ તમારા દિલમાં શક (સંદેહ) નાખી દે' (બુખારી-મુસ્લિમ શરીફ).

શૈતાન એક છમકલું કરી હટી જાય છે ને એટલું મોટું રમખાણ ઊભું કરી દે છે તેની કોઇ સીમા નથી. અલ્લાહ સૌને શૈતાની હરકતથી હિફાઝતમાં રાખે, આમીન. એ માટે એક ઉદાહરણ જોઇએ. એક પાડોશીના ઘરે ગધેડો બાંધેલો હતો. બન્ને પાડોશીઓ હળીમળીને રહેતા હતા. શૈતાને શરારત કરી ગધેડાને છોડાવી દીધો. ગધેડો પાડોશીના ઘરમાં ઘૂસી જઇ તેનું જ અનાજ ઝાપટી ગયો. તેથી તેણે ગધેડાની એવી ધૂલાઇ કરી કે તે મરી ગયો. ગધેડાનો માલિક પાડોશી કુટુંબના ૩-૪ માણસને ધોકાવાળી કરી, એમાં એકનું મૃત્યુ થઇ ગયું. સામ સામે ફરીયાદો થઇ બધા જેલ ભેગા, કોઇકને હોસ્પિટલમાં ભરતી થવું પડયું. કોઇકે પૂછયું કે આટલું મોટું રમખાણ કેમ થઇ ગયું? તો શૈતાને ટાપશી પુરી કે મેં કાંઇ જ નથી કર્યુ. ફક્ત ગધેડાને છોડી મૂકવા સિવાય કાંઇ જ નથી કર્યુ!! આને કેવાય શૈતાની ફરેબ!!

અલ્લાહ તઆલાએ શૈતાનથી, તેના ફરેબથી બચવા અલ્લાહની પનાહ માંગવાનો હુકમ કરેલ છે. શૈતાન બૂરાઇની જડ છે અને એક સફતી શક્તિ છે. જેવી રીતે અલ્લાહની રહેમત દુનિયામાં સર્વત્ર જોવા મળે છે તેજ રીતે શૈતાની તાકત પણ હર એક જણને પરેશાન કરવા, નેક રાસ્તેથી ભટકાવવા પ્રયત્નશીલ હોય છે જ. શૈતાનનો મૂળ મકસદ ઇન્સાનને અલ્લાહની ઈબાદત, તાબેદારીથી દૂર રાખવાનો હોય છે. તેનો મૂઈ મકસદ ઇન્સાનના ઇમાનને બેકાર અને બરબાદ કરવાનું ધ્યેય હોય છે.

અલ્લાહ તઆલાએ ત્રણ પ્રકારના 'જીન્નો' પૈદા ફરમાવ્યાઃ (૧) સાપ-વીંછી-કીડા-મકોડાના સ્વરૂપે (૨) વાતાવરણમાં, હવાના સ્વરૂપે (૩) જેના પર હિસાબ અને અજાબ જરૂર થશે તેવા જિન્નો. શૈતાનને લોકો જુદા જુદા નામે પણ જાણે છે. દા.ત. જિન્નાત, ભૂત, પલિત, ડાકણ, મશાનિયા. અલ્લાહે તેને જે તે સુરત સાથે પૈદા ફરમાવ્યા, તે સુરત પોતાની મેળે બદલી શકતા નથી. હાં, તેમાં ઘણાં જિન્ન જાદુગર હોય છે. જેમ કે દુનિયામાં જાદુગર હોય છે. તેઓ કુતરા, બિલાડા, બકરાના સ્વરૂપે દેખાઇ શકે છે. પણ જો તે સમયે તમે અજાન કહો તો તે દૂર થઇ જશે. જે જિન્નો જાદુગરી કરે છે તેનો પણ એક ઇલાકો છે, જેને 'ગીબાન' કહે છે. તેઓ એક મોટા સમૂહમાં રહે છે. ઘણાં જિન્ન હિફાઝતના કામે લાગેલા હોય છે. જે મોટા ભાગે ઘરની છત ઉપર વસવાટ કરે છે, આ બધું અલ્લાહ તરફથી ઘરના માણસોની હિફાઝતનું કામ સુપર્દ કરવામાં આવતું હોય છે.

હવે તો દરેક ઘરમાં એટેચ્ડ બાથરૂમની સગવડતા ઉપલબ્ધ છે તો તે શૈતાનોને ઘરમાં ઘૂસવાની વ્યવસ્થા પણ જાણે અજાણે આપણે જ ઊભી કરી છે. બાથરૂમમાં જતાં પહેલાં 'અલ્લાહ તા'લાની પનાહ માંગવી કે શૈતાન અને શૈતાનીઓથી સુરક્ષિત રાખે.' કહે છે કે ઘરમાં પાથરેલા ખાટલા કે પલંગ પર જો કોઇ સુતું ના હોય તો તે ઊપર શૈતાન સુએ છે.

એક રિવાયત મુજબ શૈતાન ઇન્સાનને બહેકાવવા માટે રોજ ૩૬૦ નું લશ્કર મોકલે છે. જયારે મોમીન અલ્લાહ પાસે શૈતાનની પનાહ માંગે છે તો તેની ૩૬૦ રહેમતોવાળી નઝરથી ૩૬૦ શૈતાની હરકતોને નેસ્તનાબૂદ કરી નાખે છે. બિસ્મીલ્લાહ પુરી પઢનાર પાસે શૈતાન ખૂબ નાનો બની જાય છે. એક બિસ્મીલ્લાહ શરીફની મદદથી શૈતાન સીસાની જેમ પીગળતો જાય છે.

કયાં કયાં શૈતાન રહે છે?

+91 9820223138

Fauz EXPORTS
Manufacturer - Exporter - Importer
(Serving Our Valued Customers Since 1994)
(Government Recognised Two Star Export House)

Asif Khatri
Managing Director

179, Commercial Chambers,
5th Floor, Office No. 70, Yusuf Meher Ali Road,
Opp. Zakaria Masjid, Mumbai - 400 003. (INDIA)
+91 22 2345 5378 / 2345 5479
: fauzexports@gmail.com
: www.fauzexports.com

ઊપર જોયા પ્રમાણે તેનો વ્યાપ લોહીના ભ્રમણ સાથે દર્શાવેલ છે, તેજ રીતે તમે રાત્રે સુઓ તો તે તમારા નાકના નશકોરામાં આરામ ફરમાવે છે, તે વુઝુ (ફર્જ) કરતી વખતે ત્રણ વાર નાકમાં પાણી ચડાવી સાફ કરીએ છીએ, ત્યારે તે દૂર થાય છે. શૈતાન તેની નાક ઈન્સાનના દિલ પર રાખે છે. ઈન્સાન ઈબાદતે ઈલાહીમાં લાગી જાય છે તો તે ભાગી જાય છે. જયારે ઈન્સાન ઈબાદતે ઈલાહીથી દૂર થાય છે કે તરત જ તે દિલમાં વસવસા નાંખે છે. ઈબાદતે ઈલાહીથી બેદરકાર ઈન્સાનના દિલ પર શૈતાન કબજો કરી લે છે. તે તેને બરબાદીના રસ્તે લઈ જશે. તે તમારી દીન-દુનિયા તો બગાડશે સાથોસાથ આખેરત માટે ભાથું પણ નહીં ભરવા દે. શૈતાન ઈન્સાનની રીડની હડ્ડી પર ચોંટેલો હોય છે. તેની ગરદન ઈન્સાનના ખભ્ભા પર લટકાવી રાખે છે. તેના દિલ પર તેનું મોઢું ખોળી રાખે છે. એક રિવાયત મુજબ શૈતાન બાંધેલો હોય છે, પણ જયારે તે હરકત કરે છે તો તે બે જણાં વચ્ચે લડાઈ-ઝઘડો કરાવી જ દે છે. 'આમન્તો બિલ્લાહી વ રસુલેહિ' પઢવાથી શૈતાન ભાગી જાય છે, વસવસા નાંખી શકતો નથી.

જેવી રીતે હઝરત આદમ અલૈહિસ્સલામ દરેક મનુષ્યના 'બાપ' છે તે રીતે દરેક જિન્નનો બાપ 'ઈબ્લીશ' છે. ઈબ્લીસના પાંચ દિકરાને તેણે દરેકને અલગ અલગ ક્ષેત્રે કામગીરી વહેંચી દીધી છે. (૧) જેનું નામ 'સબર' છે તેનું કામ લોકોને મુસીબતોમાં નાખવું, રોકકળ કરવી, કપડા ફાડી નોહાખાની કરવી, હાઈવાવેલા ને મોટી મોટી ડીંગો મારવી (૨) જેનું નામ 'અઉદ' છે. તેનું મુખ્ય કામ જીના કરવું અને બીજાને જીનાના કામમાં ઉશ્કેરે છે. (૩) જેનું નામ 'મસૂત' છે. જે ખોટો છે અને ખોટા કામ કરનારને ઉત્તેજન આપે છે. (૪) જેનું નામ 'દાસિમ' છે. તેનું મુખ્ય કામ ઘરે જઈ કુટુંબમાં એકબીજાથી નફરત ફેલાવી એકબીજાથી લડાઈ કરાવે છે. (૫) જેનું નામ 'જલન બૂર' છે. જે બજારનો શોકીન છે અને બજારમાં આવતા-જતાં લોકોને તે ગૂમરાહ કરતો રહે છે.

આ ઈબ્લીસના કુટુંબની માહિતી હઝરતે મુજાહીદની રિવાયતથી હદિષનું મફહૂમ છે હ.નં. ૩૪ ઈબ્ને અબી દુનિયા.

શૈતાન તેના ચેલાઓ મારફત સવારના પહોરમાં લોકોને ભટકાવવા દુનિયાભરમાં ફેલાવી દે છે. જે કોઈ બંદાને ભટકાવવામાં વધુ સારૂં કામ કરી લાવે તેને શૈતાન 'તાજપોશી' કરે છે. દરેક પોતપોતાનો રિપોર્ટ રજૂ કરે છે. કોઈ કહે છે, મેં એક બંદાને ઉશ્કેરી તેને તલ્લાક આપવા મજબૂર કરી દીધો, તો બીજો કહે છે, મેં એક બંદાને નાફરમાનીના ગઢ્ઢામાં ધકેલી દીધો. ત્રીજાએ જણાવ્યું કે મેં એક આદમીને જીનાના ગૂનાહમાં સપડાવી દીધો. ચોથાએ કહયું, મેં એક આદમીને શરાબના રવાડે ચડાવી દીધો. પાંચમાએ કીધું, મેં આપસમાં બે વ્યક્તિને લડાવી એકનું ખૂન કરાવી દીધું. અંતમાં, ઈબ્લીસે આ પાંચમાનાં કામને વખાણ્યું અને તેનાથી ખુશી જાહેર કરી. એક શૈતાને તો એક બાળકને મદ્રેસામાં પઢવા જતો હતો તેને દુનિયાની બદતરીન ખેલ જુગારના રવાડે ચડાવી દીધો. તેને પણ શૈતાને ઈનામ ઈકરામથી નવાજી દીધો. અલ્લાહ આપણને સૌને આ શૈતાની હરકતોથી હિફાઝત ફરમાવે, આમીન.

શૈતાનનું સૌથી ધારદાર હથિયાર-તીર કે જે કદી ખાલી જતું નથી તે છે 'ઔરત'. હદિષનું મફહૂમ છે કે, શૈતાને કહયું કે, ''તું મારૂં અડધું લશ્કર છે અને તું મારૂં એવું તીર છે કે જેનાથી હું પ્રહાર કરૂં છું, તો તે કદી ખાલી જતું નથી. તું મારી રાજદાર છે અને મારી જરૂરત વખતે મારો સંદેશો પહોંચાડે છે.'' રિવાયત હસન બીન સાલેહ (ઈબ્ને અબી દુનિયા). શૈતાનનું સૌથી વધુ સુલભ હથિયાર 'સ્ત્રી' છે. તેઓ તેની ચાલમાં ઝડપાઈ જાય છે. સાસુ-સસરા તો ઠીક પણ પતિ સાથે પણ ઝઘડો કરી બેસે છે અને પોતાના દીન-દુનિયા બરબાદ કરી લે છે. આના-બાના કાઢી માવતરે ચાલી જવું, ભાઈ-ભાભી કેટલો સમય સાચવે? પસ્તાવો પાછળથી થાય ત્યારે તીન કમાનથી નીકળી ચૂકયું હોય છે. સાસુ-સસરાથી અલગ રહેતી વહુ માવતરે વાય ત્યારે ભાઈ-ભાભીને ભલામણ કરે કે 'માંનું ધ્યાન રાખજો' - આ કેટલો વિરોધાભાસ? શૈતાન કુટુંબને એકબીજા સાથે કુસંપ ઊભો કરે છે. તેની ચાલથી ચેતતા રહેવું. ધણીના ઘરનો સૂકો રોટલો પણ મીઠો હોય છે, માવતરે ઓશિયાળો રોટલો કેટલા દિવસ? 'પોતાના' અને 'પારકા'નો ભેદ સમજવો જરૂરી છે. શૈતાન પતિ-પત્નિ વચ્ચે મતભેદ ઊભો કરી વધુ ખુશ થાય છે. તે માટે શૈતાની હરકતોથી સાવચેત રહો.

શૈતાનને પૂછવામાં આવ્યું કે, તને ઈન્સાનની કઈ આદત વધુ ગમે છે? જવાબમાં જણાવ્યું કે, ઈન્સાન જયારે ગુસ્સે થાય છે ત્યારે હું તેના દિલો-દિમાગ પર કબજો કરી લઉં છું અને તેને ફૂટબોલની જેમ આમ-તેમ રમાડી શકું છું. તેને બરબાદીના ચકકરમાં ફસાવી દઉ છું. બીજા શૈતાને જણાવ્યું કે જયારે ઈન્સાન દુનિયા તલબીમાં પડી જાય છે ત્યારે મારૂં કામ સહેલું થઈ જાય છે. તેને લાલચ, ઈર્ષા, અભિમાન જેવી આદતોથી બૂરાઈઓના રવાડે ચડાવી દઉ છું. દુનિયા તલબી એ શૈતાની મહાજાળ છે. તેમાં સારા સારા ફસાઈ જાય છે.

અનુસંધાન પાના નં. ૪ ઉપર....

Dr. Aziz Khatri - Mob. 093224 03733
Mohshin Khatri - Mob. 098674 66346
KHATRI DIAGNOSTIC CENTRE
MUMBAI
FACILITIES OFFERED:
Digital X-Ray, Pathology, Sonography, E.C.G., Color Doppler, E.E.G., Stress Test, 2D Echo, C.T. Scan, MRI, P.F.T., APG

Mohammed Husain Girach
Mob. 96621 95028
Abulhasan Girach
Mob. 90995 59155
EMPIRE CREATION
Mfg. or Exclusive Dress Materials & Bandhani
Wholesaler and Retailers
Main Road, Navagadh (Jetpur)

# શિક્ષા અને સંસ્કાર

મોહંમદ હુસેન એ. ઘડા, પોરબંદર

આમ જુઓ સમાનાર્થી શબ્દો છે, પરંતુ બીજી રીતે જુઓ તો વિશાળ ભેદ છે. વ્યક્તિ, પરિવાર, કુટુંબ, સમાજ માટે બંને અનિવાર્ય છે. બન્ને માંથી એકની પણ ખામી ખૂબ જ નુકશાન આપનારી બની જાય છે. જો કે પ્રવર્તમાન સમયમાં મોર્ડનાઈઝેશનના ઓઠા હેઠળ શિક્ષિત વર્ગ અમુક બાબતોને બંધન સંબોધી અને તેની અવગણનાની તરફેણ કરે છે. શિક્ષિત વર્ગ અમુક સંજોગોમાં પોતાના શિક્ષણ થકી સાવધાન રહી શકે છે. પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં લાંબા ગાળે વિપરીત પરિસ્થિતિઓ ઘણું નુકશાન કરે છે.

ઊદાહરણરૂપે આપણે છેલ્લા અમુક વર્ષોથી પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં જોઇ શકીએ છીએ કે ઈસ્લામિક તેહઝિબ અને શરીયતનો અનાદર ગેરમુસ્લિમ તો ઠીક પરંતુ ઈસ્લામના અનુયાયીઓ કરતાં જોવા મળે છે. મુસ્લિમ મહિલાઓ અને યુવતિઓમાં બુરખા (હિજાબ) અંગે વિવિધ મત જોવા મળે છે. અહીં પ્રશ્ન એ નથી કે કોણ સાચું છે? કારણ કે શરિયતે મોહંમદીના હુકમને ચુસ્તપણે અનુસરવું સાચા મુસલમાનની ફરજ છે અને તેમાં કોઇ પ્રશ્ન હોઇ જ ન શકે. પરંતુ પ્રશ્ન એ છે કે આ પ્રકારના ખ્યાલો ક્યાંથી ઉદ્‌ભવે છે. લેખકના વ્યક્તિગત અવલોકન મુજબ આ પ્રકારના વિચારો જન્મવા અને શરિયતને અવગણનારા વર્ગમાં થતાં વધારા પાછળ એક નહીં અનેક પરિબળો છે. જે પૈકી સૌથી વધુ ઘાતક પરિબળો ઉપર ચર્ચાને સ્થાન છે. સમાજમાં સુધારો લાવવા અને બગાડ રોકવા માટે સમાજના જાગૃત લેખકોની અગ્રીમ ભૂમિકા હોવી જરૂરી છે અને એટલે જ લેખક આ લેખના માધ્યમથી સમાજ સમક્ષ વર્તમાનની આરસી અને ભવિષ્યમાં થનારા નુકશાનના ચિત્રો બિરાદરી સમક્ષ મૂકી પોતાની ફરજ નિભાવવાનો એક પ્રયાસ કરી રહયા છે.

**૧. અભાવની ભાવના:**

મોબાઇલ ફોન, ટેલિવિઝન, ધારાવાહિકો અને અધૂરામાં પૂરા હવે નવો શરૂ થયેલ વલણ વેબ સિરીઝ. જરૂરી નથી કે આ બધું બધા પાસે ઉપલબ્ધ હોય પરંતુ મોબાઇલ ફોન, ઇન્ટરનેટ, ફેસબુક, ઇન્સ્ટાગ્રામ જેની પાસે ન હોય એવા આંગળીના વેઢે ગણી લ્યો એટલા મળે અને એમાંય ઇન્સ્ટાગ્રામની બે-ત્રણ અલગ અલગ પ્રોફાઇલ એ પણ પ્રાઈવેટ જેને ફોલો કરનાર સિવાય કોઇ જોઇ ન શકે. આ સોશિયલ મીડિયા પોતાના દર્શકોને એવું સાહિત્ય બતાવે છે જે એક સામાન્ય જીવન જીવતા પરિવાર માટે એક સપનું જ હોય. મનમાં ન હોય એવા સપનાઓ અને જિજ્ઞાસાઓ જગાવે છે. એ જીજ્ઞાસાઓ એટલી હદ સુધી દિલો દિમાગ ઉપર કાબૂ મેળવે છે કે તે પૂર્ણ કરવા માટેના રસ્તાઓ વિચારતા કરી મૂકે છે અને યુવાન યુવતિઓ એ રસ્તે દિને ઇસ્લામના સંપૂર્ણ વિરોધાભાસ હોય તો પણ તેને 'અલ્લાહ માફ કરે'ની વૃત્તિ સાથે અપનાવવા લાગે છે.

**૨. મોહની માયા:**

આ યુગ મોહમાયાનો યુગ છે. વિરોધી આકર્ષણ આજે સામાન્ય બની ચૂક્યું છે. યુવાનોમાં આજે ઉમરની મર્યાદા લુપ્ત થઇ ચૂકી છે. પરિણીત અને પરિણીત વચ્ચેની ભેદરેખા લગભગ નષ્ટ થઇ ચૂકી છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો કે શિક્ષિકાઓ વચ્ચે જે સન્માનની ભાવના હતી, ઉસ્તાદના માન અને વિદ્યાર્થીની મર્યાદાની જગ્યાએ પાશ્ચાત્ય સંસ્કૃતિજન્ય આકર્ષણ અને આધુનિકીકરણ એ સ્થાન લઇ લીધું છે. આપણે એ ભૂલી ચૂકયા છીએ એ આ બધું ગેરઈસ્લામિક છે. અમુક વર્ષો અગાઉ આ બધું આર્થિક સક્ષમ અને અત્યાધુનિક જીવનધોરણ ધરાવતા પરિવારો પૂરતું સિમિત હતું જે આજે અત્યંત સામાન્ય જીવન જીવતા પરિવારોમાં પણ જોવા મળે છે.

**૩. પારિવારિક માહોલ:**

તેહઝીબે ઈસ્લામ, ધાર્મિક જાગૃતિ, શરીયતે મોહંમદી, કુર્આન અને હદિષનું જ્ઞાન, આ બધું દુન્યવી શિક્ષણની સાથે મહત્વનું છે એ બાબતને આપણે વત્તા ઓછા અંશે દસકાઓ સુધી અવગણતા આવ્યા છીએ. પરિણામે નવી પેઢી શિક્ષણ તો ઉચ્ચ કક્ષાનું મેળવે છે પરંતુ પાયાના દિની ઇલ્મથી ગાફેલ રહી જાય છે.

**૪. આંતર જ્ઞાતિય લગ્નો:**

મહત્તમ વાંચક વર્ગ લેખકના અવલોકનથી અસહમત જોવા મળશે. તેનું કારણ આપણી બિરાદરીમાં વધતા આંતરજ્ઞાતિય લગ્નો છે. લેખકના પુરતાં પુખ્ત અને બારીક અંગત અવલોકન પછી લખાયેલા શબ્દો છે કે આંતર જ્ઞાતિય સંબંધો અનેક પ્રતિકૂળ પરિસ્થિતિઓના નિર્માણ કરે છે. સાંસ્કૃતિક તફાવત કલેશને જન્મ આપે છે અને એ કલેશના ફળસ્વરૂપે સ્ત્રી પુરૂષ વચ્ચે એકબીજા સામે નહીં નમવાની

અનુસંધાન પાના નં. ૬ ઉપર...


Dr. Aqsa Khatri
M.S. (Gynec), FMAS
RCOG Trainee, London UK
Kutch Women's Hospital
Complete Obstetric & Gynec Care
1st Floor, Paras Apartment, Plot No. 72, Vijay Nagar, Hospital Road, BHUJ-Kutch
02832-296396 95865 15690
follow us:
dr.aqsa4439
gynec_doctor_aqsa
24 Hrs. Emergency Facility Available

AHMEDRAZA JAMIL MANDHU
0555983786
04-3593987
applestarcomp
applestarcomp@hotmail.com
www.applestarcomp.com
M.AKIB JAMIL MANDHU
+971588494679
ابل ستار كمبيوتر
APPLESTAR COMPUTER L.L.C.
We are dealing with...
LAPTOP & TABLET REPAIRING
TONER & CARTRIDGE REFILL
C.C.T.V. CAMERA & NETWORKING,
USED & NEW LAPTOPS/TABLETS
ALL SPARE PARTS
AL RAFA ROAD, KHALEED BIN WALID STREET, BUR DUBAI UAE, P.O. BOX: 242886

# સ્પેન (અંદાલુસ)ની કહાની..

અલ્ફૈઝ કારાતેલા, આફ્રિકા

સ્પેન (અંદાલુસ) એક જમાનામાં ઇસાઇઓની બહુ મોટી હુકુમત હતી, જેને હરાવવી લગભગ અશકય જેવું હતું ૧૮ વર્ષના મુસ્લિમ નૌજવાન તારીક ઇબ્ને ઝિયાદ એ સ્પેન ફતેહ કર્યુ હતું. આપણે ત્યાં તો ૧૮ વર્ષના યુવાનો PUB-G ને સોશિયલ મીડિયામાં પડયા રહે છે. ટિક-ટોક પર મુજરા ને ઇન્સ્ટાગ્રામ પર રિલ્સ બનાવવામાં વ્યસ્ત જોવા મળે છે.

ફતેહ બાદ સ્પેન પર બનુ-ઉમય્યહની હુકૂમત રહી. પછી બીજી હુકૂમતો એ રાજ કર્યુ. પરંતુ એક વખત આવ્યો જયારે સ્પેન મુસલમાનોના હાથથી ગયું! શું કારણો રહયા, કઇ બુનિયાદ પર સ્પેન હાથથી ગયું? કયાં કમી રહી જાય છે કે હાથ પરથી હુકૂમતની હુકૂમતો સરકી જાય છે. આવો જોઇએ ને જાણીએ તેનો બોધ આપતો ઇતિહાસ..

શરૂ કરતાં પહેલાં ખાસ વિનંતી કે આગળની સઘળી હકીકતને ગૂગલ અથવા વિકીપીડિયાના જ્ઞાન સાથે ન સરખાવશો.

જંગ બાદ ઇસાઇઓનો એક તબકકો (વર્ગ-ગિરોહ) ત્યાં જ બાકી રહી ગયો. જેઓની અંદર ઇન્તિકામ (બદલા)ની આગ જોશ મારી રહી હતી. તેઓ છાના-છૂપી રીતે જમા થતાં, સિક્રેટ મિટીંગો યોજતા અને પોતાના નૌજવાનોને લશ્કરી તાલીમ આપીને પોતાની ફોજ તૈયાર કરતાં. તેઓએ પોતાના એક મોટા પાદરીને સરગના બનાવી રાખેલા. પાદરીના હાથ પર તેઓ અહદ (વાદો) કરતા. નસલ દર નસલ પાદરીઓ બદલતા. હર નસલ પોતાના સમયના પાદરી પર અહદ કરતી કે પાદરી સાહેબ તમે અમોને જે પણ હુકમ કરશો, અમે કોઇપણ ડર કે ચૂં-ચાં કર્યા વગર તાલિમ કરશું. એક વખત એવો આવ્યો કે ઇસાઇઓને લાગ્યું કે હવે તેઓની પાસે અંદરોઅંદર મોટી ફોજ તૈયાર થઇ ગઇ છે. તેઓના નૌજવાન મુસલમાનો સામે લડવાને કાબીલ થઇ ગયા છે.

વાર્ષિક મીટિંગ ભરાણી. બધા ભેગા થયા. પાદરીને સહુએ કહયું, ફલાણા-ફલાણા દેશો આપણને સાથ દેવા તૈયાર છે. આપણી ફોજના જવાન ચારેકોર ફેલાઇ ગયેલ છે. તમો અમને હુકમ આપો કે હવે અમે જંગ છેડી દઇએ.. પાદરીએ કહ્યું, નહીં, હમણાં એ વખત નથી આવ્યો. જાવ તમે લોકો પોતપોતાના કામ પર લાવી જાવ.

થોડો સમય બાદ એક ઘટના ઘટી. એ ઘટના શું હતી ને તેના કેવા પરિણામો આવ્યા તે જોઇશું આગામી અંકમાં...

અનુસંધાન પાના નં. ૨ નું ચાલુ....

“મૈંને દોઝખ કો દેખા હૈ ઉસમેં રેહનેવાલી અકસર ઔરતેં થી. પૂછા ગયા કિસ વજહ સે? તો ફરમાયા કે, કસરત સે ખાવિંદ કી નાફરમાની કરતી હૈ યાની જો ઉન્હેં જિંદગી ગુજારને મેં સબ સાથ દેતા હૈ ઉસકા શુક્રિયા કે બજાએ કુફરાન કરતી હૈ.” (મકાશફતુલ કુલુબ-૯૫)

અલ્લાહ આપણી બહેનોને નેક હિદાયત આપે. ખાવિંદની પુરી ખિદમતગુઝાર બની જન્નતની હકકદાર બનાવે, આમીન.

ઉપર્યુકત બધી શૈતાની ચાલોથી અવગત થયા પછી હવે શૈતાની હરકત દૂર કરવા શું શું કરવું જોઇએ તે પર વિચારીએ.

(૧) જે ઘરમાં રહો છો તે ઘરમાં સુરહ બકરાહની તિલાવત કરવામાં આવતી હોય તો ત્યાં શૈતાની હરકત હશે તો તે દૂર થઇ જશે. ઘરમાં રહેવા જતાં પહેલા ‘સુરહ બકરાહ’ પઢવામાં આવે છે.

(૨) જે ઘરમાં નમાજ અને તિલાવતે કુર્આન થતી રહેશે ત્યાં આશૂરી શક્તિ ના’બૂદ થઇ, ઘરમાં બરકત અને રહેમતમાં વધારો થશે.

(૩) સવાર-સાંજ/રાત્રે ૧૦-૧૦ કુલ્હોવલ્લાહની સૂરત પઢશો તો આખો દિવસ/રાત શૈતાની બલાઓથી સુરક્ષિત રહેશો.

(૪) રાત્રે સુતી વખતે ૨૧ વખત પુરી બિસ્મીલ્લાહ પઢીને સુવું, ફરિસ્તાઓની હિફાઝતમાં રહેશો.

(૫) ‘આયતુલ કુર્શી’ પઢી દમ કરીને સુવું. શૈતાની હરકતોથી હિફાઝત થતી રહેશે.

(૬) ૩/૩ કુલ્હોવલ્લાહ, કુલઅઉઝોબે રબ્બીલ ફલક, કુલ અઉઝોબિરબ્બીનાશ પઢી હાથ-પગ પુરા જીસ્મ પર દમ કરી સુવાની ટેવ પાડો.

(૭) નમાજમાં વસવસાથી બચવા માટે નીચેની દુઆ પઢી છાતી પર દમ કરવો. (નિય્યત બાંધતા પહેલાં) “હુવલ અવ્વલુ, હુવલ આખેરૂ, હુવલ જાહેરૂ, હુવલ બાતેનું વહુવો અલાકુલ્લે શૈઇન કદીર.”

(૮) ફજરથી ઇશામાં ક્રમશહ એક તસ્બીહ પઢવીઃ યા અઝીઝો યા અલ્લાહ, યા કરીમો યા અલ્લાહ, યા જબ્બારો યા અલ્લાહ, યા સત્તારો યા અલ્લાહ, યા ગફફારો યા અલ્લાહ.

(૯) “નાદે અલી” ૧૧ વાર મગરીબ બાદ પઢવું. ઝીકે ઇલાહી કરતાં રહેવું.

CSC | HDFC BANK | BAJAJ Allianz | ICICI Lombard Nibhaye Vaade
Muzakeer Raza Azhari
+91 - 70414 59591
visionconnect@yahoo.com
All Types of Digital eGovernance
Banking & Insurance Service's Provider
Tours & Travels Booking Center
VISION CONNECT
ONE STOP POINT FOR ALL E-GOVERNANCE & DIGITAL SERVICE'S
Jetpur - 360 370, GUJ, IN

જુનેદ - મો. ૯૦૬૭૭ ૬૦૨૦૦
અબુભાઇ - મો. ૯૮૨૪૫ ૮૨૪૮૮
ફેમસ પાન & સોડા શોપ
અમારે ત્યાંથી દરેક જાતના ઠંડા પીણા મળશે.
જેલ રોડ, જૂનાગઢ.

Abu Khatri
Mob. 88 66 72 72 88
98245 82488
SAFEKILL
Pest Services
Quality is Our Motto
Near Fast Track Court, Jail Road, Junagadh-362 001.

# જૂનાગઢ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટ સંપન્ન

ઈમ્તિયાઝ મચ્છર, જૂનાગઢ

હાલાઈ મુસ્લિમ ખત્રી જમાઅત-જૂનાગઢ અને યંગ ગ્રુપ દ્વારા તા. ૧૨-૦૨-૨૦૨૩ રવિવારના રોજ ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન બિલખાના પ્રખ્યા ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. કુલ ૮ ટીમોએ આ ટુનામેન્ટમાં ભાગ લીધો હતો.

તા. ૧૧-૦૨-૨૦૨૩ના રાત્રે દરેક ખેલાડીઓના આગમન બાદ રાત્રે ૯-૦૦ વાગ્યે પાઉંભાજી, છાશ, પાપડનો સ્વાદિષ્ટ નાશ્તો લીધા પછી ઓકશન દ્વારા ખેલાડીઓનું સિલેકશન કરવાની શરૂઆત થઇ હતી. પરંતુ ઓકશન ફોર્મેટ અનુકુળ ના આવતા દરેક કેપ્ટનની સહમતિથી ચીઠ્ઠી દ્વારા ૮ ટીમ બનાવવામાં આવી હતી. દરેક માટે સુવાની વ્યવસ્થા જમાતખાનામાં રાખવામાં આવી હતી.

બીજા દિવસે રવિવારે સવારે બિલખાના પ્રખ્યાત ગ્રાઉન્ડ પર દરેક ખેલાડીઓને ગાંઠિયા, જલેબી, મરચા-સંભારાનો લાઇવ નાશ્તો પીરસવામાં આવ્યો હતો. સાથે કડક ચા તો ખરી જ. બપોરે ૧૨-૦૦ વાગ્યે ઓરેન્જ શરબત તેમજ ૧-૩૦ વાગ્યે બુંદીના લાડુ, ગાંઠિયા, અકની પીરસવામાં આવી હતી. ટુર્નામેન્ટમાં ૪ લીગ મેચ, ૨ સેમી ફાઇનલ તથા ૧ ફાઇનલ એમ કુલ ૭ મેચ રમાડવામાં આવ્યા હતા. ફાઇનલ મેચ ખત્રી નાઇટ રાઇડર્સ અને ખત્રી વિન્ગસ વચ્ચે રમાયો હતો. જેમાં ખત્રી નાઇટ રાઇડર્સ વિજેતા બની ચેમ્પિયન થઇ હતી. આ ટુર્નામેન્ટમાં બેસ્ટ બેટ્સમેન, બેસ્ટ બોલર અને મેન ઓફ ધ સિરીઝનો ખિતાબ જામનગરના હોનહાર ખેલાડી ઉસ્માન કારાતેલાના ફાળે ગયો હતો. આ ટુર્નામેન્ટનું લાઇવ પ્રસારણ UT Sport દ્વારા કરવામાં આવ્યું હતું. જેતપુરથી જનાબ મુસ્તાકભાઇ ગિરાચ,જૂનાગઢથી જનાબ અલ્તાફભાઇ ગિરાચ તથા જનાબ નઇમભાઇ દરબાર, મોહસીનભાઇ આસરાએ ખાસ હાજરી આપી હતી.

સમગ્ર ટુર્નામેન્ટનું એન્કરીંગ જાણીતાં સ્પીકર જનાબ એમ. એચ. ધડા એ કર્યુ હતું. તેમાં મુસ્તાકભાઇ ગિરાચે તેમને સાથ આપ્યો હતો. તેમજ જનાબ યાકુબ ગિરાચે ધારદાર કોમેન્ટરી કરી હતી. ટુર્નામેન્ટના અંતે દરેક કેપ્ટનનું તેમજ આગેવાનનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. રનર્સ અપ ટીમના કેપ્ટન ઇમરાન ગિરાચને જૂનાગઢ જમાઅતના ખજાનચી જનાબ મુસાભાઇ ગિરાચના હસ્તે તથા ચેમ્પિયન ટીમના કેપ્ટન નદીમ ભેડાને જુનાગઢ જમાઅતના પ્રમુખ અબુભાઇ ગિરાચના હસ્તે ટ્રોફી આપવામાં આવી હતી. જનાબ હાસમભાઇ ગિરાચ તરફથી દરેક મેચના મેન ઓફ ધ મેચને તેમની પ્રોડકટ્ શ્રધ્ધા મસાજ ઓઇલ ભેટ આપેલ. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા જુનેદ ગિરાચ, નોફિલ લીયા, અહેમદ મચ્છર, અલ્ફેઝ ગિરાચ, ઈમ્તિયાઝ મચ્છર, આફતાબ મચ્છર, ડૉ. વસીમ મચ્છર, રાશીદ ખત્રી, ઇમરાન ધુમરા, અનિસ ખત્રી, અશરફ ધડા વગેરે એ ભારે જહેમત ઉઠાવી હતી.

## ક્રિકેટ ટુર્નામેન્ટની તસ્વીરી ઝલક..








NRP
NEW RAJ PLASTIC
3-GOKULNAGAR, RAJKOT - 360 002.
Rajakbhai
Samir R.
Mob. 92272 13606
Mfg.: All type of Plastic Items and Gas Lighter Parts

Mob. 88668 38281
88667 37270
Shop No. 1, Nagar Boarding,
Opp. Virani School,
Tagore Marg, Rajkot-360002.
E-mail: sarfaraz_8725@yahoo.com
Bharat fast food

# સંવાદ કરવાનું ભૂલી ગયા!!

ફિરોઝખાન, ટોરંટો, કેનેડા

દોસ્તો આજે આપણાં પરિવારમાં અને સમાજમાં અનેકાનેક સમસ્યાઓ ઘર કરી ગઇ છે. દરેક વ્યક્તિ પાસેથી પોતાની કે સમાજની બધી સમસ્યાઓનો હલ-નિકાલ હોતો નથી, હોઇ પણ નથી શકતો. પણ હો, જો આપણે સમસ્યાઓ એકબીજા જોડે ડિસ્કસ કરીએ તો ઘણી બધી સમસ્યાઓનો હાલ નીકળી શકે છે. ગિલા-શિકવા દૂર થઇ શકે છે. માત્ર સંવાદ થકી આ બધું થઇ શકે છે. આજે ભાઇ-બહેનો વચ્ચે, મિત્રો અને સંબંધીઓ વચ્ચે અબોલામાં આપણે કિંમતી વર્ષો વિતાવી દઇએ છીએ. આપસમાં વેરઝેર વધે છે, પ્યાર-મોહબ્બત ખત્મ થઇ વર્ષો સુધી અબોલા રહે છે. ભાઇ, બહેન એકબીજા સામે નજીવી વાતોના લીધે કોર્ટે ચઢતા હોય છે.

આપણાં પ્યારા હુઝુર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ એ તો આપણને ડગલેને પગલે મુહબ્બતના પૈગામ આપ્યા છે. અફસોસ! આપણે એ ભૂલાવી દીધા. આપણે સંવાદ, કરવાનું ભૂલી ગયા. મિત્રો જોડે તો દરેક જણ વાતચીત કરે છે, જેની સાથે અબોલા ચાલતા હોય એની જોડે સામે થઇને તમે ક્યારે સંવાદ સાધવાના પ્રયત્ન કર્યા? તમે જો જો તમારી આસપાસ આવા અનેક લોકો મળશે જે વર્ષો સુધી એકબીજા જોડે નથી બોલતા.

જુવાનીમાં મારો એક જીગરજાન દોસ્ત હતો. હાં, જીગરી દોસ્ત. દિવસમાં એક વાર ના મળીએ કે વાત કરીએ તો અમને ચૈન પડતું નહીં. કોઇ એક નજીવી વાત પર અમારા વચ્ચે ઝઘડો થયો. ના, વાત મારપીટ સુધી ના પહોંચેલી. એની વાઇફ મારા વાઇફ જોડે સહેલીપણું રાખતા. અમારા બાળકો એકબીજા જોડે હળતા મળતા. એક દિવસ એણે એની વાઇફ અને બચ્ચાઓને પણ એકબીજા જોડે બોલતાં રોકી દીધા. એક જ મોહલ્લામાં રહેતા હોવાથી રોજ એકબીજાને જોતા પણ વાત નહીં કરતા.

વર્ષો વીતી ગયા. બાળકો જુવાન થઇ ગયા અને અમે આધેડ. માથાના ને દોઢીના વાળો પર સફેદી ઝળકવા લાગી. એની દિકરીના લગ્ન નક્કી થયા. લગ્નની દાવત પણ મને ના મળી. લગ્નમાં જવા માટે ઓફિસેથી રજા લીધેલી. ઉમ્મિદ હતી કે એ દાવત આપશે. લગ્ન સાંજે હતા. આખો દિવસ પસાર થઇ ગયો, કોઇ ના આવ્યું.

એના ઘરના લોકોને હોલમાં જવા માટે બે કલાકનો સમય બાકી હતો. તૈયાર થઇ, વાઇફ ને બાળકોને તૈયાર કરી સારાં કપડાં પહેરી એના ઘરે ગયો. દરવાજા બહાર ઉભો રહયો. એની વાઇફે અમને જોયા, બહુ જ ખુશ થઇ ગઇ. હિમ્મત કરી સીધો જ દોસ્તની સામે ઉભા રહી કહ્યું, 'દોસ્ત! બેટીની શાદી મુબારક હો. તેં ભલે દાવત નહીં આપી પણ હું તો ફેમિલી લઇને આવી ગયો છું. હવે તારે ધક્કા મારી બહાર કાઢવો કે ગળે મળવું એ ઓપ્શન તારો છે.

દોસ્ત ઉભો થયો અને અમે બંને ભેટી પડયા. ખૂબ રડયા, શાંત પડયા ત્યારે એણે ભરેલા ગળે કહ્યું 'તારી પણ દિકરી છે, હું કોણ હોવું છું તને રોકવાવાળો? આજે જો હું તને રોકવાનું પાપ કરીશ તો અલ્લાહ પણ મને માફ નહીં કરે.'

દોસ્તો, ગમે તેટલો મનમુટાવ થઇ જાય, ગમે તેટલા અબોલા હોય સંવાદ કરવાની પહેલ કરજો. આપસી કડવાહટ દૂર થઇ મુહબ્બત પનપશે.

અલ્લાહ પાક અમારા સહુના દિલમાં આપસી મુહબ્બત ભરી દે, આમીન.

---

અનુસંધાન પાના નં. ૩ નું ચાલુ...

ભાવના જન્માવે છે. પરિણામ સ્વરૂપ ઉદ્‌ભવેલ અહ્‌મભાવ સંતાનને કશું નહીં કહેવાની અથવા એને નથી પડી તો મારે શું એવી વિચારધારા અથવા ગેરઈસ્લામિક વિચારો બાળકને શીખવાડવાની પરંપરા વિકરાળ સ્વરૂપ લે છે. જે સંતાનને ધીરે ધીરે ઈસ્લામથી દૂર કરે છે અને સંસ્કારોના સિંચનથી એ સંતાન વંચિત રહી જાય છે.

**૫. ઈસ્લામિક મૂલ્યોના જ્ઞાનની ઉણપઃ**

ઉપરોકત ચાર અવલોકનોમાં કદાચ આ સૌથી વધુ મહત્વનો મુદ્દો સમજવામાં જરા પણ અતિશયોક્તિ નહીં હોય. ઈસ્લામ શું છે, પાયાનું જ્ઞાન શું છે, શરીયતનું ચુસ્ત પાલન શા માટે જરૂરી છે, નમાઝની શું મહત્તા છે, હલાલ અને હરામ શું છે, હરામ કાર્યની શું સજા છે, ઈસ્લામે પરદાને મહત્વ શા માટે આપ્યું છે, ઔરતને ઈસ્લામે કયું સ્થાન આપ્યું છે, ઔરતની સલામતી માટે ઈસ્લામે શું સૂચવેલ છે, મર્દના શું હુકૂક છે, એવા અનેક પ્રશ્નોના જવાબ આપણી યુવા પેઢી જાણતી પણ નથી હોતી કારણ કે ઈસ્લામિક મૂલ્યોના જ્ઞાનની મહત્તા આપણે ઓછી આંકીએ છીએ. જેના પરિણામે આપણાં સંતાન હક અને ના-હક વચ્ચેનો ભેદ પારખી નથી શકતા અને જે ઈસ્લામે સુરક્ષા આપી છે તેને બંધન સમજી નાફરમાની કરી બેસે છે.

હજુ આ મુદ્દે કદાચ મસમોટી કિતાબ લખી શકાય એટલા અવલોકનો રજૂ કરી શકવા લેખક સમર્થ છે, પરંતુ ઉપરોકત પાંચ બાબતોને જો આપણે ગંભીરતાપૂર્વક સમજી, જીવનમાં ઉતારી ચુસ્તપણે અમલ કરીએ તો કદાચ આપણી સમાજની અને આવનારી પેઢી દાયરે ઈસ્લામથી ફારિગ થતાં બચી શકે.

દુઆ કરીએ કે પરવરદિગાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના સદકામાં માં-બાપને એવી હિદાયત બખ્શે કે પોતાના સંતાનોને ઈસ્લામ પ્રત્યે પૂરતાં જાગૃત, શિક્ષિત બનાવે અને ઈસ્લામી સંસ્કારોના સિંચન સાથે ઘડતર કરે... તાલીબે દુઆ...

Since 1945
જૂના અને જાણીતા
માહિર - મો. ૯૯૦૪૧ ૨૦૧૨૫
ફોન : ૦૨૮૫-૨૬૨૩૩૩૮
ખત્રી યાકુબ ઈશાક ચશ્માવાલા
અમારે ત્યાંથી બ્રાન્ડેડ કંપનીના કાચ-ફ્રેમ તથા ગોગલ્સ, લેન્સ ખૂબ જ વ્યાજબી ભાવે મળશે.
સર્કલ ચોક, જૂનાગઢ.

# સમાચાર દર્પણ

## જશ્ને શાદી

રાજકોટના રહીશ જનાબ મોહંમદ રિયાઝ અયુબભાઇ ગીરાચની નેક દુખ્તર **સાહિસ્તાબાનુ** ની નિકાહ લાલપર (હાલ-જામનગર)ના રહીશ અબ્દુલ સત્તાર મામદ ગેલુના નેક ફરઝંદ **શોએબ** સાથે તા. ૧૪-૦૨-૨૦૨૩ના રોજ રાજકોટ જમાત રૂબરૂ થયેલ છે. આ ખુશીના પ્રસંગે રિયાઝ અયુબભાઇ ગીરાચ તરફથી રાજકોટ જમાતને રૂા. ૧૦૦૦, HMKT ને રૂા. ૨૫૦, ઇકો રૂા. ૨૫૦, ફેડરેશનને રૂા. ૨૫૦, ખાદિમને રૂા. ૨૫૦, તેમજ અબ્દુલ સત્તાર મામદ ગેલુ તરફથી રાજકોટ જમાતને રૂા. ૫૦૦, HMKT ને રૂા. ૨૫૦, ઇકો રૂા. ૨૫૦, ફેડરેશનને રૂા. ૨૫૦, ખાદિમને રૂા. ૨૫૦, તેમજ મામા ઇમ્તિયાઝ ખાનમામદભાઇ ધડા-જૂનાગઢ તરફથી રાજકોટ જમાતને રૂા. ૧૦૦, HMKT ને રૂા. ૧૦૦, ઇકો રૂા. ૧૦૦, ફેડરેશનને રૂા. ૧૦૦, ખાદિમને રૂા. ૧૦૦, તેમજ મર્હુમ હાજી અલારખા મકકડ અને ડૉ. સલીમ મકકડ-વેરાવળ તરફથી રાજકોટ જમાતને રૂા. ૫૦૦, HMKT ને રૂા. ૫૦૦, ઇકો રૂા. ૫૦૦, ફેડરેશનને રૂા. ૫૦૦, ખાદિમને રૂા. ૨૫૦, તેમજ ઇબ્રાહિમ મામદ ગેલુ-લાલપર તરફથી રાજકોટ જમાતને રૂા. ૫૦, ખાદિમને રૂા. ૫૦, તેમજ દુલ્હનના દાદી અમીના મોહંમદ ગીરાચ તરફથી રાજકોટ જમાતને રૂા. ૫૦, HMKT ને રૂા. ૧૦૦, ઇકો રૂા. ૧૦૦, ફેડરેશનને રૂા. ૧૦૦, ખાદિમને રૂા. ૧૦૦, તેમજ હાજીયાણી મેમુના જબ્બાર ભૂછડા તરફથી ખાદિમને રૂા. ૩૦૦, ઇરમબાનુ મોહંમદ રિયાઝ ભૂછડા તરફથી ખાદિમને રૂા. ૩૦૦, મેહરાનબાનુ મોહંમદ તૌફીક ભૂછડા તરફથી ખાદીમને રૂા. ૩૦૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## તશ્રીફે જહાં

ગાંધીધામના રહીશ જનાબ અબ્દુલ સત્તાર છનછરાના પુત્ર અલયાસરને ત્યાં તા. ૦૨-૦૧-૨૦૨૩ના રોજ પુત્ર નામે **ઉઝેર** નો જન્મ થયેલ છે. આ ખુશીના પ્રસંગે દાદા અ.સત્તાર તરફથી ખાદિમને રૂા. ૧૦૦, ટાઇમ્સ ઓફ ખત્રીને રૂા. ૧૦૦, તેમજ દાદીજાન તરફથી ખાદિમને રૂા. ૧૦૦, ટાઇમ્સ ઓફ ખત્રીને રૂા. ૧૦૦, તેમજ વાલદૈન તરફથી ખાદિમને રૂા. ૧૦૦, ટાઇમ્સ ઓફ ખત્રીને રૂા. ૧૦૦, તેમજ કાકા આદિલ તરફથી ખાદિમને રૂા. ૧૦૦, ટાઇમ્સ ઓફ ખત્રીને રૂા. ૧૦૦, કાકા અર્શદ તરફથી ખાદિમને રૂા. ૧૦૦, ટાઇમ્સ ઓફ ખત્રીને રૂા. ૧૦૦, તેમજ દાદા હાજી હારૂન તરફથી ખાદિમને રૂા. ૧૦૦, ટાઇમ્સ ઓફ ખત્રીને રૂા. ૧૦૦, તેમજ દાદી હસીનાબેન તરફથી ખાદિમને રૂા. ૧૦૦, ટાઇમ્સ ઓફ ખત્રીને રૂા. ૧૦૦, તેમજ નાના મર્હુમ મોહંમદ ઇકબાલ વલોરા તરફથી ખાદિમને રૂા. ૧૦૦, ટાઇમ્સ ઓફ ખત્રીને રૂા. ૧૦૦, તેમજ નાનીમા તરફથી ખાદિમને રૂા. ૧૦૦, ટાઇમ્સ ઓફ ખત્રીને રૂા. ૧૦૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

જામખંભાળીયાના રહીશ જનાબ હાજી અબ્દુલકાદર હાજી દાઉદ ઘુમરાના પુત્ર ફરહાનને ત્યાં તા. ૦૧-૦૨-૨૦૨૩ના રોજ પુત્રી નામે **કિસ્વા** નો જન્મ થયેલ છે. આ ખુશીના પ્રસંગે ડે. કે. ફંડને રૂા. ૧૦૦૦, ફેડરેશનની નિરાધાર સહાય યોજના ફંડને રૂા. ૧૦૦૦, હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૧૦૦૦, ઇકો ફાઉન્ડેશનને રૂા. ૫૦૦, ખાદીમને રૂા. ૧૦૦, ટાઇમ્સ ઓફ ખત્રીને રૂા. ૧૦૦ તેમજ નાનાજાન જનાબ મહંમદરસીદ આહમદ સોનેજી (કોટડાસાંગાણી) તરફથી ખાદિમને રૂા. ૧૦૦ અને ટાઇમ્સ ઓફ ખત્રીને રૂા. ૧૦૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## રૂખ્શતે જહાં

- પોરબંદરના રહીશ અબ્દુલશકુર અબ્દુલઅઝીઝ ગિરાચનો ઇન્તેકાલ થયેલ છે.
- જામનગરના રહીશ હાજીયાણી આયેશા મોહંમદહુસૈન (તરસાઇ વાલા)નો ઇન્તેકાલ થયેલ છે.
- લેસ્ટર (યુ.કે.)ના રહીશ હાજી ઓસમાણ ઓમર ઘુમરાનો ઇન્તેકાલ થયેલ છે. ....ઇન્ના લીલ્લાહે વ ઇન્ના ઇલયહે....

## લવાજમ

અ.રઉફ મો.હુસેન ઘુમરા (જોડીયા) રૂા. ૨૪૦ (બે વર્ષનું લવાજમ)

**સુધારો** ગત્ અંકમાં 'જશ્ને સગાઇ'ના સમાચારમાં જૂનાગઢના રહીશ હાજીયાણી આયેશાબાઇ કાસમભાઇ ભૂછડાના પૌત્ર આકિબ અનિસ ભૂછડાની સગાઇના ખુશીના પ્રસંગે હા.મુ.ખ.ફેડરેશનને રૂા. ૫૦૦ બક્ષિસ મળેલ છે.

Dr. A. G. DHADA
M.S. (Ortho)
Consulting Orthopaedic
& Hand Surgeon

Dhada Hospital
Fracture, Accident, Orthopaedic & Surgical Hospital,
Address: Near Raj Talkies, Tembhode Road, Palghar 401 404.
Timing: 10:00 am to 1:00 pm Tel.: 02525 254229 / 251472
City General Hospital
General & Industrial Trauma Centre
Address: Near SBI, Khodaram Baug, Tarapur Road,
Boisar, Dist. Thane, Timing: 4:00 pm to 7:00 pm
Tel.: 02525 267181 Mobile: +91 98231 82340

MUSTAK - +91 9879909192
KADAR - +91 98792 79296
SHAMIYANA DYEING
MANUFACTURERS & PRINTERS OF ALL TEXTILE PRODUCTS
JETPUR-NAVAGADH, GUJARAT (INDIA) - 360 370.
Tel.: +91-2823-224345, Fax: +91-2823-220982, E-mail: shamiyanadyaing@gmail.com

RNI Regd. No. GUJGUJ/2017/76920 | Times of Khatri March-2023 | Postal Regd. No. Rajkot/707/2022-2024

If undelivered please return to:

ટાઈમ્સ ઓફ ખત્રી
Times of Khatri

Halai Muslim Khatri Trust
Gokulnagar, Street No. 3, B/h. 50 Feet Road,
Kothariya Main Road, RAJKOT-2. Mob. 94272 52547

To,

Posting Dt. 7th of every month at Rajkot RMS

# ખત્રી સમાજનું ગૌરવ

## ખંભાળીયાના ગ્રામ્ય વિસ્તારમાં લાંબા સમયથી માત્ર રૂા. 30માં સારવાર કરતાં ડૉ. ગનીભાઈ નિ:સંતાન દંપતિ માટે આશિર્વાદરૂપ સારવાર નજીવા દરે, એ ચાર્જ પણ ધર્માદા રૂપે વાપરે છે

ખંભાળિયામાં ખત્રી વાડમાં રહેતા અને ખંભાળીયાના પ્રખ્યાત ડૉ. ચોકસી સાહેબ સાથે ૨૦ વર્ષ પ્રેકટીસના અનુભવરૂપે ગ્રામ્ય વિસ્તારમાં દર્દીઓની સારવાર માટે ગુજરાત સરકારનું મેડિકલ સર્ટીફીકેટ ધરાવતા ડૉ. ગનીભાઈ ખત્રી છેલ્લા ૩૨ વર્ષથી માત્ર 30 રૂપિયાના નજીવા ચાર્જથી પોતાની સેવા આપી રહયા છે. આજુબાજુના વિસ્તારના દર્દીઓ માટે આશિર્વાદરૂપ ડૉ. ગનીભાઈ તાવ, દુખાવા કે અન્ય માંદગીની અસરકારક સારવાર નિદાન અને દવા આપી ગરીબ દર્દી માટેની સેવા આપી રહયા છે. તેમાં પણ નિ:સંતાન દંપતિ માટે અસરકારક ઈલાજ કરી આશરે ૧૫૩થી વધુ દંપતિઓને દવાથી તેમના ઘરે બાળક રમી રહયા છે. આ નજીવા દરથી સારવારથી થતી કમાણી ધર્માદા પેટે લઈ બાળકોને જમાડી દેવાય છે.

# ખત્રી બિરાદરો જોગ...

કોઈપણ સમાજને શિક્ષિત, ચેતનવંતો, કુરિવાજવિહીન બનાવવા માટે જો કોઈ મુખ્ય સ્ત્રોત પૈકી હોય તો તે સમાજનું મુખપત્ર છે. જેના થકી સમાજમાં પ્રવર્તી રહેલા પ્રવાહોને વાચા આપવામાં આવે છે, સમાજના દૂષણો પ્રત્યે ધ્યાન દોરવામાં આવે છે, તેને ડામવાના વિચારો રજૂ કરવામાં આવે છે. આવી તમામ જવાબદારીઓ 'ટાઈમ્સ ઓફ ખત્રી' બખૂબી બજાવી રહયું છે. સમાજ આજે જાણે તંદ્રામાંથી જાગીને, ઉત્સાહિત થઈને સમાજહીતના કામે લાગી ગયો છે. તેવા સમયે આપણી પણ ફરજ બની રહે છે કે આપણું આ મુખપત્ર આજના મોંઘવારીના સમયમાં ટકી રહે, વર્ષો સુધી સમાજની સેવામાં સેતુરૂપ કાર્ય કરતું રહે, એ માટે આપનું લવાજમ તાત્કાલિક ઓફિસ કાર્યાલયે મોકલી આપવું.

**HALAI MUSLIM KHATRI TRUST**
Bank: ICICI Bank, Branch: Rajkot
A/c. No. 084805000923 IFC: ICIC0000848

**FORM IV**

Statement about ownership and other particulars about newspaper (TIMES OF KHATRI) to be published in the first issue every year after the last day of February

| | | |
|---|---|---|
| 1. Place of publication | : | HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT at GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT. Gujarat. |
| 2. Periodicity of its publication | : | MONTHLY |
| 3. Printer's Name | : | NAZIR V. SHERASIYA |
| Nationality | : | INDIAN |
| Address | : | STAR COMPUER, 101-C POOJA COMPLEX, NR.G.P.O., RAJKOT-360 001. (Guj) |
| 4. Publisher's Name | : | SAMIR R. GHUMARA (On behalf of HALAI MUSLIM KHATRI TRUST) |
| Nationality | : | INDIAN |
| Address | : | GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT. |
| 5. Editor's Name | : | RAFIK ABUBAKAR CHHATBAR |
| Nationality | : | INDIAN |
| Address | : | 1-MANHARA PARA, STREET NO. 1, B/H. BEDIPARA FIRE STATION, BHAVNAGAR MAIN ROAD, RAJKOT. |

6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding More than one percent of the total capital.

HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT at GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT

I, RAFIK ABUBAKAR CHHATBAR, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date : 01/03/2023 HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT, Publisher

Printed by NAZIR V. SHERASIA and published by SAMIR R. GHUMARA, Secretary of trust on behalf of HALAI MUSLIM KHATRI TRUST and printed at STAR COMPUTER, C-101, POOJA COMPLEX, HARIHAR CHOWK, RAJKOT-1, GUJARAT and published at HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT at GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT. Editor RAFIK ABUBAKAR CHHATBAR.